# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ અને આત્મા પ્રોજેક્ટ, આણંદના સંયુક્ત ઉપક્રમે "કૃષિ મેળો" અને પ્રાકૃતિક ખેતી પ્રદર્શન યોજાયુ

ભારત સરકાર દ્વારા "કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી" અભિયાન અંતર્ગત આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તથા આત્મા પ્રોજેક્ટ, આણંદના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૬.૦૪.૨૦૨૨ મંગળવારના રોજ કૃષિ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આણંદ જીલ્લાના દરેક તાલુકામાંથી અલગ અલગ ગામના કુલ ૩૨૨ ખેડૂત ભાઈઓ તેમજ મહિલાઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધેલ હતો.

સદર કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તેમજ અતિથી વિશેષમાં શ્રી સતિષભાઇ સોલંકી, ઉપપ્રમુખ, તાલુકા પંચાયત, સોજીત્રા; કુ. ચાર્મીબેન રાવલ, મામલતદારશ્રી, સોજીત્રા; શ્રી લાભેશભાઈ શાસ્ત્રી, સરપંચશ્રી, દેવાતજ; ડૉ. ચિંતનભાઈ એસ. પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ; ડૉ. સ્મિતાબેન પિલ્લઇ, નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતુ, આણંદ; ડૉ. સ્નેહલભાઇ એમ. પટેલ, નાયબ પશુપાલન નિયામકશ્રી, આણંદ; શ્રી જી. સી. ભાલોડી, પ્રોજેકટ ડાયરેકટર (આત્મા), આણંદ અને શ્રી કેતનભાઇ પટેલ, મધ્ય ગુજરાત જીલ્લા સંયોજક (પ્રાકૃતિક ખેતી) ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વી. જે. પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, આ.કૃ.યુ., આણંદ અને ડૉ. વી. બી. ભાલોડીયા, પ્રાધ્યાપક અને વડા, કૃષિ ઈજનેરી વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે ખેતીવાડી, બાગાયત અને પશુપાલન ખાતા તેમજ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો દ્વારા પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆત પહેલાં હાજર રહેલા તમામ મહાનુભાવોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે સોલારથી ચાલતા ઓટોમેટીક જીવામૃત પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. એ.સી. વૈદ્ય દ્વારા હાજર રહેલ સર્વેનું શાબ્દીક સ્વાગત કરી આજના પ્રસંગનું મહત્વ સમજાવ્યુ હતું. ત્યારબાદ ઉપસ્થિત ખાતાના અધિકારીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી માટે કૃષિ, બાગાયત અને પશુપાલન અંગેની સરકારશ્રીની વિવિધ સહાય યોજનાઓ તેમજ ઓનલાઇન એપ્લિકેશન

કરવાની રીત, આત્મા પ્રોજેકટ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગેની વિવિધ પ્રવૃતિઓ, તેમજ પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપેલ હતું. ત્યારબાદ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, કૃષિ ભવન, નવી દિલ્હીથી માનનીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રીના આજના કાર્યક્રમને અનુલક્ષીને સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું. ડૉ. વી. જે. પટેલે આણંદ જીલ્લામાં થતા વિવિધ પાકોને કઈ રીતે પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી આવરી લેવાય તે વિશે ચર્ચા કરી હતી. ડૉ. એચ. બી. પટેલે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી પોતાના ખેતરમાં રાસાયણીક ખાતરથી ખરાબ થયેલ જમીનની ફળદ્રુપતામાં વધારો કરી રસાયણમુક્ત ખેત પેદાશો ઉત્પન્ન કરે તે માટે સર્વેને પ્રોત્સાહીત કર્યા હતા.

સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન કેવિકે, દેવાતજના સ્ટાફ દ્વારા માન. કુલપતિશ્રી, આકૃયુ., આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

# કૃષિ મેળા ની ઝાંખીઓ







किसान भागीदारी प्राथमिकता हमारी अभियान
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ, જી. આણંદ
અને આત્મા પ્રોજેક્ટ, ગુજરાત રાજ્ય, આણંદ, સંયુક્ત ઉપક્રમે
મેળો અને પ્રાકૃતિક ખેતી








